# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૫/૦૯/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ સુરત–ડુમસ રોડ પર લાગુ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૩(રૂંઢ), ફા.પ્લોટ નં.૩૯ વાળી જગ્યામાં આવેલ "હરિઓમ " સોસાયટીમાં ગેરકાયદેસર રીતે બનાવી દેવામાં આવેલ અંદાજે ૨૨૫.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું વિવાદિત બાંધકામ દૂર કરવા માટે સોસાયટીને વારંવાર જાણ કરવામાં આવેલ તેમ છતાં સોસાયટી દ્વારા સદર વિવાદિત બાંધકામ દૂર કરેલ નહીં તથા સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ આક્ષેપો કરવામાં આવેલ. તથા ફા.પ્લોટની હદ ઉપર અત્રેથી વારંવાર અટકાવવા છતાં કમ્પાઉન્ડ વોલની વિવાદિત કામગીરી શરૂ કરેલ. જેથી પ્રશ્નવાળા વિવાદિત બાંધકામો આજરોજ કાયદેસરની કાર્યવાહી કરી, સ્થળ પરથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે ચાલુ કામગીરી દરમ્યાન સ્થળ પર સોસાયટીના રહીશો દ્વારા ખોટા તથ્યો વગરના આક્ષેપો કરવામાં આવેલ તથા તેઓના વકીલ તથા પોલીસ સ્ટાફને બોલાવી સદર વિવાદિત બાંધકામ દૂર કરવાની કાયદેસરની કામગીરી અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ. તેમ છતાં અંતે પ્રશ્નવાળુ વિવાદિત ગેરકાયદેસર બાંધકામ તથા અંદાજે ૨૦૦ ફુટ લંબાઈમાં બનાવેલ કમ્પાઉન્ડ વોલનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.
- આજરોજ સુરત–ડુમસ રોડ પર આવેલ રાહુલરાજ મોલ, નવી કોર્ટ બિલ્ડીંગ સામે, પીપલોદ રાધાકૃષ્ણ મંદિર પાસે, અઠવાગેટ ધીરજ સન્સની સામે તથા ઉધના–મગદલ્લા રોડ પર યુનિવર્સીટી સામે વિગેરે સ્થળોથી લારી–ગલ્લાનું દબાણ, બિનઅધિકૃત બેનર–બોર્ડ વિગેરે દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**પ્રેસનોટ**

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૨૫/૦૯/૨૦૧૭ ના રોજ ટી.પી. નં.૭ (આંજણા) માં મગદુમનગર થી ભારતનગર જતાં ૧૨.મી. ટી.પી. રોડની અસરમાં આવતાં નડતરરૂપ ઝુંપડાઓ દુર કરવાની કામગીરીની વિગત.**

ટી.પી. સ્કીમ નં.૭ (આંજણા) માં મગદુમનગર થી ભારતનગર જતાં ૧૨.મી. ના ટી.પી. રોડની અસરમાં આવતાં નડતરરૂપ ઝુંપડાઓ દુર કરવાની કામગીરીમા ૨૪ ઝુંપડાઓને ડીમોલીશન કરવા માટે લિંબાયત ઝોન ધ્વારા માંગવામાં આવેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફ આજ રોજ તા.૨૫/૦૯/૨૦૧૭ ના રોજ ફાળવતા સદર કામગીરી હાથ ધરતા આશરે સ્થળ પર ૨૪ જેટલા ઝુંપડાઓનો આશરે ૮,૬૦૦ ચો. ફુટ જગ્યાનો કબ્જો લેવામા આવેલ છે. જે હવે ડીમોલીશન થવાથી ૧૨.મી. પૈકી ૭.૫૦ મી. ટી.પી. રસ્તોનો કબ્જો મળવાથી ભાઠેના જંકશન તથા આંજણા ગરનાળા પાસે થતી ટ્રાફિક સમસ્યાનો અંત આવી શકશે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ડેપ્યુટી કમિશનરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર, ડેપ્યુટી ઈજનેરો, ડેપ્યુટી ટાઉન પ્લાનર, લિંબાયત ઝોનનો સમગ્ર ટેકનીકલ સ્ટાફ, સુરત મહાનગરપાલિકાનો સીકયુરીટી સ્ટાફ, સુરત મહાનગરપાલિકાના બેલદાર, ખાનગી બેલદાર, બે જે.સી.બી, બે ગાડી, વાયરમેન, સ્ટાફ મારફત તથા ફાળવાયેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફને સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0555
તા.૨૫/૦૯/૨૦૧૭

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા જુની ડીઝાઈન મુજબ ચોમાસા ઋતુ પહેલા **કુલ ૬૬૨** થી વધુ રસ્તાઓને કારપેટ/રીકારપેટ સુરત મહાનગરપાલિકામાં કરવા સહીતની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ, જે તમામ રસ્તાઓની કામની મહત્તમ ગુણવત્તા જાળવવા સારુ અલગથી રોડ વિજીલન્સ સેલની રચના કરવામાં આવી. રોડ વિજીલન્સ સેલ ધ્વારા ડામરના તમામ કેટેગરીના રસ્તાને મેટલ ગ્રાઉટીંગ તથા કારપેટ/રીકાપેટ કરવાના કામ માટે મંજુર ટેન્ડરના સ્પેશીફીકેશન/MoRTH ની ગાઈડલાઈન્સ મુજબ ચેકલીસ્ટ બનાવવી તમામ ઝોન/વિભાગના રસ્તાના કામ સાથે સંકળાયેલ ઈજનેરોને આપવામાં આવ્યું. વધુમાં મે.કમિશ્નરશ્રીની અધક્ષતામા રસ્તાના કામ સાથે સંકળાયેલ કાર્યપાલક ઈજનેરશ્રી સહીત તમામ કેટેગરીના ઈજનેરોને જુની ડીઝાઈન મુજબ રસ્તાના દરેક લેયરને ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ઉચ્ચતમ ગુણવત્તાથી કામ કરવા બાબતનું ડેમોસ્ટ્રેશન/માર્ગદર્શન પુરુ પાડી, રસ્તાના કામોની ગુણવત્તા જળવાઈ રહે તેની તાકીદ કરવામાં આવી હતી. રસ્તાના કામોની પ્રગતિ દરમ્યાન રોડ વિજીલન્સ ધ્વારા દૈનિક ધોરણે બેચમીક્ષ પ્લાન્ટ અને પેવરના સ્થળનું નિરીક્ષણ કરી , ટેન્ડર સ્પેશીફીકેશન/ચેકલીસ્ટ મુજબ રસ્તા બનાવવાના કામે તમામ પ્રકારના મટીરીયલ, મીક્ષીંગ, લેયીંગ, રોલીંગ જેવા દરેક તબકકા ની ઉચ્ચત્તમ ગુણવત્તા જળવાઈ રહે તે મુજબ સુપરવિઝન કરવામાં આવે છે. વધુમાં રસ્તાના કામોની પ્રગતિ દરમ્યાન જે તે સ્થળેથી રોડ વિજીલન્સ ધ્વારા રસ્તાના મટીરીયલ તથા મીક્ષના સેમ્પલ લઈ સરકાર માન્ય થર્ડ પાર્ટી લેબોરેટરીમાં ટેસ્ટીંગ પણ કરવામાં આવે છે. આમ રસ્તા બનાવવાના કામે તમામ તબકકે રસ્તાની ગુણવત્તા જળવાઈ રહે તે સારુ ચોકસાઈ પૂર્વક કરેલ નિરીક્ષણ/સુપરવિઝન થી સુરત મહાનગરપાલિકાના રસ્તાના કામોમાં નુકશાન થવા પામેલ નથી.

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલુ વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (SVNIT) કોલેજ ધ્વારા IRC/MoRTH ની ગાઈડલાઈન્સ મુજબ તૈયાર કરવામાં આવેલ નવી ડીઝાઈન મુજબ સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન શહેરમાં ડામર રસ્તા બનાવવાના ૨૫ કામો ના કુલ **રૂા. ૨૫૦.૦૦ કરોડ**ની ટેન્ડર રકમના કામ હાથ ધરવામાં આવેલ છે.

નવી ડીઝાઈન મુજબ રસ્તા બનાવવાની કામગીર કરવા સારુ મે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા નવી ડીઝાઈન તૈયાર કરનાર કન્સલ્ટન્ટ SVNIT કોલેજના પ્રોફેસર ધ્વારા તમામ કેટેગરીના રસ્તા બનાવવા સારુ ઝીણવટપૂર્વક રસ્તાના દરેક લેયરનું સુપરવિઝન કરવા માટે ગત વર્ષના પ્રગતિ હેઠળના કામો તથા નવી

ડીઝાઈન મુજબના મંજુર કામોમાં ગુણવતા અંગેની ચકાસણી માટે રસ્તા બનાવવાના કામો સાથે સંકળાયેલા તમામ ઈજરનેરોને નવી ડીઝાઈનથી રસ્તા બનાવવા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું, જેથી કરીને સંબંધિત સુરત મહાનગરપાલિકાના ઈજનેરો ગુણવત્તાસભર રસ્તા બનાવવા માટે કટીબધ્ધ છે. વિજીલન્સ વિભાગમાં હાલમાં મર્યાદિત સ્ટાફ હોવાથી વધુ સુપરવાઈઝર સ્ટાફની રોડ વિજીલન્સ સેલમાં નિમણૂંક કરવા બાબતે હુકમ થયેલ છે. આ ઉપરાંત તમામ ઝોનના ડે.કમિશ્નરશ્રી/ઝોનલ ચીફશ્રી, કાર્યપાલક/ઝોનલ ઓફીસરશ્રી સહીતના તમામ રોડના કામો સાથે સંકળાયેલ ઈજનેરી સ્ટાફને રોજીંદા રસ્તાના કામોની પ્રત્યક્ષ મુલાકાત લઈ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ઉચ્ચ ગુણવત્તા સભર શહેરના રસ્તાઓ તથા વધુમાં વધુ સોસાયટીના રસ્તા બનાવવાના કામને પ્રાધાન્ય આપી પ્રજાલક્ષી કામો કરવાનો હુકમ કરેલ છે.

સુરત મહાનગરપાલિકા ઉચ્ચ ગુણવત્તાસભર, ટકાઉ અને સરેરાશ કિફાયત ભાવે રસ્તા બનાવવાના કામ બાબતે અગ્રેસર રહી વૈવિધ્ય સભર, ઈનોવેટીવ રસ્તા જેવા કે, પોલીમરીક રોડ (CGBM),V.D.S. PCC Road, પ્લાસ્ટીક વેસ્ટ રોડ, માઈક્રોસરફેસીંગ રોડ, સીમેન્ટ ક્રોન્ક્રીટ રોડ વિ. બનાવતા હોય નવી ટેકનોલોજીનો પ્રત્યક્ષ લાભ સામાન્ય પ્રજા મળતો હોવાથી સુરત શહેરનો નાગરિક રાહત/સંતોષ અનુભવે છે.

કેન્દ્ર/રાજય સરકારશ્રીની અદ્યતન Smart City 311.(Officer App) મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરી સુરત મહાનગરપાલિકામાં રસ્તાના કામો સાથે સંકળાયેલ તમામ ઈજનેરને દૈનિક ધોરણે હાથ ધરાતા રસ્તાના કામોના ફોટોગ્રાફસ, વિગત સહિતનો અહેવાલ રજુ કરવાનો હોવાથી હવે પછી રસ્તાના કામોનું પ્રત્યક્ષ સુપરવિઝન હાથ વગુ થઈ જશે.

૫૫૭

<u>સુરત મહાનગરપાલિકા</u>
<u>યુ.સી.ડી. વિભાગઅખબારી યાદી</u>

<u>સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન વિસ્તારમાં તા.૨૭/૦૯/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.</u>

**<u>વિષય</u> :-** તા.૨૭/૦૯/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૨૩-ઉધના (દક્ષીણ)

૨૭-પાંડેસરા-ભેસ્તાન ૨૮-બમરોલી ૨૯-વડોદ-જીઆવ-ઉન, ચોર્યાસી તાલુકા કાંઠાવિસ્તાર, કોળી સમાજની વાડી (રામજીવાડી), પાણીની ટાંકીની સામે, જીઆવ બુડિયા ચોકડી, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૭/૦૯/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૨૩-ઉધના (દક્ષીણ) ૨૭-પાંડેસરા-ભેસ્તાન ૨૮-બમરોલી ૨૯-વડોદ-જીઆવ-ઉન, ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર, કોળી સમાજની વાડી (રામજીવાડી), પાણીની ટાંકીની સામે, જીઆવ બુડિયા ચોકડી, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

**તા.૨૭/૦૯/૧૭નાં રોજ "વર્લ્ડ ટુરિઝમ ડે" નિમિત્તે "સ્વચ્છતા હી સેવા" તા.૨૫/૦૯/૧૭નાં રોજ "સર્વત્ર સ્વચ્છતા" અંતર્ગત શહેરનાં તમામ હોસ્પિટલ/હેલ્થ સેન્ટર, બાગ–બગીચા, મહાનુભાવોની પ્રતિમા અને તળાવ સફાઈ અભિયાન કરવા બાબત.**

# સુરત [illegible]ાલિકા
# જાહેર આરોગ્ય વિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
# પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૨૭/૦૯/૧૭નાં રોજ **"વર્લ્ડ ટુરિઝમ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૯/૧૭નાં રોજ "સર્વત્ર સ્વચ્છતા" અંતર્ગત શહેરનાં તમામ હોસ્પિટલ/હેલ્થ સેન્ટર, બાગ–બગીચા, મહાનુભાવોની પ્રતિમા અને તળાવ સફાઈ અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૫/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગ/N.G.O. તેમજ નગરજનોની જુદી–જુદી ટીમો બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં આવેલ હોસ્પિટલ/હેલ્થ સેન્ટર, બાગ–બગીચા, તળાવની આજુબાજુ તેમજ અંદરનાં ભાગે ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ ત્યારબાદ ઝોનમાં આવેલ મહાનુભાવોની પ્રતિમા સ્વચ્છ પાણીથી સાફ કર્યા બાદ આજુબાજુ ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાંનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| સફાઈ કામગીરીમાં આવરી લીધેલ | | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| બસ–સ્ટેન્ડ | હોસ્પિટલ | બાગ–બગીચા | તળાવ | મહાનુભાવોની પ્રતિમા | | |
| ૮ | ૩ | ૬ | ૧ | ૨ | ૨.૧૦૦ | ૯૦૦ |

વધુમાં આ ટીમો દ્વારા આજુબાજુનાં રહીશોને ઘન કચરાનું વર્ગીકરણ કરાવી સુકો/ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીનમાં રાખી ડોર ટુ ડોરનાં વાહનને આપવા આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૬/૦૯/૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ અશ્વનીકુમાર વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત.**

ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૮૮/બી માં આવેલ વૃંદાવન એસ્ટેટના સબ પ્લોટ નં. ડી/૭ માં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર બીજા માળનું આશરે ૩૩૬૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં સેન્ટરીંગ તથા પ્રથમ માળે આશરે ૫૨૦.૦૦ ચો.ફુટ ના માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ તથા પડદી દુર કરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૨૫,૦૦૦/– વસુલવામાં આવ્યા.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.................. 0559
તા. ૨૬/૦૯/૨૦૧૭

# **<u>પ્રેસ નોટ</u>**

સાઉથ ઝોન (ઉધના) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૨૬/૦૯/૨૦૧૭ સુધીમાં કુલ રૂા.૧૦૧.૧૬ કરોડ ની વેરા વસુલાત કરવામાં આવેલ છે જે ગત વર્ષે આ સમયે રૂા.૬૧.૨૭ કરોડ થઈ હતી. આમ સાઉથ ઝોન ઉધના ધ્વારા ચાલુ વર્ષ ૨૦૧૭–૧૮માં ગત વર્ષની સરખામણીમાં રૂા.૩૯.૮૯ કરોડ વધારે રીકવરી કરવામાં આવેલ છે. વધુમાં આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા આવનાર દિવસોમાં ઘનિષ્ઠ ઝુંબેશ કરી વેરા વસુલાતની કામગીરી કરવામાં આવનાર છે. કરદાતાઓને પોતાનો બાકી વેરો તાકીદે ભરપાઈ કરી વ્યાજ અને પેન્લટીમાંથી મુકિત મેળવવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**જાહેર આરોગ્ય – માર્કેટ ખાતુ**<br>**પ્રેસ નોટ** | |

**<u>તા.૦૨/૧૦/૨૦૧૭ ને સોમવારના રોજ "મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે" સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.</u>**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૦૨/૧૦/૨૦૧૭ ને સોમવારના રોજ "મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે" સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

# સુરત મહાનગરપાલિકા
# યુ.સી.ડી વિભાગ
# <u>અખબારી યાદી</u>

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તારીખ:૨૭/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.</u>**

વિષય : તા:૨૭/૦૯/૨૦૧૭ નાં રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર, કોળી સમાજની વાડી(રામજીવાડી), પાણીની ટાંકીની સામે, જીઆવ બુડિયા ચોકડી, સુરત ખાતે યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યનાં વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તારીખ:૨૭/૦૯/૨૦૧૭ ના રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર, કોળી સમાજની વાડી(રામજીવાડી), પાણીની ટાંકીની સામે, જીઆવ બુડિયા ચોકડી, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા “સેવા-સેતુ કાર્યક્રમ”નું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. અને શાળાની બાળાઓ દ્વારા મહાનુંભાવોનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવેલ. શાસકપક્ષનાં નેતાશ્રી ગીરજાશંકર મિશ્રા દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, સેવા-સેતુ કાર્યક્રમ રાજ્ય સરકારનો સૌથી સફળ કાર્યક્રમ રહ્યો છે. માન. મુખ્યમંત્રીશ્રીનો છેવાડાનાં લોકોને લાભ આપવા આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સરકારશ્રીની અનેક યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. અને લોકોની જરૂરીયાત સંતોષવા હંમેશા તૈયાર છે. સેવા સેતુમાં અનેક અરજીઓનો નિકાલ થતો હોય છે. અને લાભાર્થીઓને જેતે યોજનાઓનો સિધો લાભ મળે છે. ધારાસભ્યશ્રી શ્રીમતી ઝંખનાબેન

પટેલએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સરકારશ્રી દ્વારા સેવાસેતુના લાભો લોકો સુધી પહોંચવાનો અને કોઇ યોજનાથી વંચીત ન રહી જાય તે માટે સરકારશ્રી દ્વારા ત્રીજા તબક્કાનું આયોજન કરેલ છે જેના થકી લોકો વધુને વધુ લાભ લઇ શકે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી શ્રીમતી ઝંખાનાબેન પટેલ, શ્રી ગીરજાશંકર મિશ્રા, શાસકપક્ષનાં નેતા આસી. કમિશ્નરશ્રી જગદીશભાઇ પટેલ. કોર્પોરેટરશ્રી શ્રી નરેશભાઇ પટેલ, કોર્પોરેટરશ્રી ડૉ. ડી. એમ. વાનખેડે, કોર્પોરેટરશ્રી શ્રીમતી સુમીત્રાબેન પટેલ, કોર્પોરેટરશ્રી હિતેન્દ્રભાઇ ગામીત, કોર્પોરેટરશ્રી અનિલભાઇ ગોપલાણી, ચોર્યાસી તાલુકા કોળી સમાજ પ્રમુખશ્રી હીતેશભાઇ ડી. પટેલ, અને કોળી સમાજ ઉપાધ્યક્ષશ્રી, મોહનભાઈ પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે તે મહેસુલ વિભાગ, જીલા ઉધોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ, આર.ટી.ઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ વિભાગ, વિવિધ બેંકો શ્રમિક કલ્યાણ બોર્ડ, વગેરે દ્વારા કુલ ૧૪ ટેબલ અને ૫૫ કાઉન્ટર ગોઠવી જેમા દિવસ દરમ્યાન કુલ ૯૮૨ લાભાર્થીઓએ આવકનો દાખલા, ક્રિમીલેયર સર્ટી, પંચનામા, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઇ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી, માં વાત્સલ્ય, માં અમૃતમ કાર્ડ, જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ સેવાસેતુ કાર્યક્રમ”નાં આયોજનનો વિસ્તારના રહીશો દ્વારા ખુબજ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

તા.૨૭/૦૯/૧૭નાં રોજ "વર્લ્ડ ટુરિઝમ ડે" નિમિત્તે "સ્વચ્છતા હી સેવા" તા.૨૬/૦૯/૧૭નાં રોજ જાહેરમાં શૌચ થતા સંવેદનશીલ સ્થળોનું સ્થળ નિરીક્ષણ અને જાહેર શૌચાલયનું સફાઈ અભિયાન કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૨૭/૦૯/૧૭નાં રોજ "વર્લ્ડ ટુરિઝમ ડે" નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૨૬/૦૯/૧૭નાં રોજ જાહેરમાં શૌચ થતા સંવેદનશીલ સ્થળોનું સ્થળ નિરીક્ષણ અને જાહેર શૌચાલયનું સફાઈ અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૬/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગનો સ્ટાફ, N.G.O.,પે એન્ડ યુઝ વહીવટકર્તા તેમજ નગરજનોની ટીમો બનાવી આ ટીમો દ્વારા ઝોનમાં જાહેરમાં શૌચક્રિયા કરાવવામાં આવે તેવા સંવેદનશીલ સ્થળોએ સ્થળ નિરીક્ષણ કરી આજુબાજુનાં રહીશોને જાહેરમાં શૌચક્રિયા ન કરવા માટેની સમજ આપી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનો ઉપયોગ કરવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ આપ્યા બાદ જાહેર શૌચાલયોની મુલાકાત લઈ આરોગ્ય/કોન્ટ્રાકટનાં સફાઈ કર્મચારીઓ મારફતે જાહેર શૌચાલયોનાં ટોયલેટ બ્લોકો એસીડ/ફિનાઈલનાં પાણીથી સફાઈ કરાવ્યા બાદ સ્વચ્છ પાણીથી સાફ કરાવવામાં આવ્યા. ત્યારબાદ જાહેર શૌચાલયની આજુબાજુ ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાંનો નિકાલ કરાવી તમામ સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ પે એન્ડ યુઝ | જાહેરમાં શૌચક્રિયાનાં સંવેદનશીલ સ્થળોની મુલાકાત | સફાઈ અભિયાનમાં ભાગ લેનાર | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|---|
| | | મ્યુ.સભ્યો/ N.G.O | સુપરવાઈઝર | નાગરીકો | કામદાર | | |
| ૨૬ | ૫ | ૫૪ | ૨૯ | ૬૪ | ૧૦૭ | ૨.૫૦૦ | ૧૦૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0 5 6 3

તા.૨૮/૦૯/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સુરત મહાનગરપાલિકા
યુ.સી.ડી. વિભાગ
અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટઝોન વિસ્તારમાં તા.૨૯/૦૯/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય** :- તા.૨૯/૦૯/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૭- કુંભાલ- પરવટ, ૧૮- આંજણા- ખટોદરા, ૨૪- લીંબાયત- ઉધનાયાર્ડ, ૨૫- ગોડાદરા- ડીંડોલી (ઉત્તર), ૨૬- ડીંડોલી (દક્ષીણ), લીંબાયત ઝોન ઓફીસ, મોડલ ટાઉન રોડ, કુંભાલ ફાયર સ્ટેશનની પાસે, કુંભાલ, સુરત ખાતે યોજનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૯/૦૯/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૭- કુંભાલ- પરવટ, ૧૮- આંજણા- ખટોદરા, ૨૪- લીંબાયત- ઉધનાયાર્ડ, ૨૫- ગોડાદરા- ડીંડોલી (ઉત્તર), ૨૬- ડીંડોલી સુરત(દક્ષીણ), લીંબાયત ઝોન ઓફીસ, મોડલ ટાઉન રોડ, કુંભાલ ફાયર સ્ટેશનની પાસે, કુંભાલ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગના પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં. 0564
તા.૨૮/૦૯/'૧૭.

૫૬૫

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી દશેરાના તહેવારને ધ્યાને રાખી આજ તા.૨૯/૦૯/૨૦૧૭ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, ફરસાણના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા મોકલી આપવામાં આવેલ છે તથા સ્થળ પર ટેસ્ટીંગ કરવામાં આવેલ છે

| અ.નુ. | સંસ્થાનું નામ/ સરનામુ | લીધેલ નમુનો | સ્થળ સ્પોર્ટ ટેસ્ટીંગ કરેલ નમુનો |
|---|---|---|---|
| 1. | મહાલક્ષ્મી રેસ્ટોરન્ટ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | ફાફડા | ફાફડા |
| 2. | અરવિંદ ટી હિન્દુ હોટલ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | ફાફડા<br>જલેબી | ફાફડા<br>જલેબી |
| 3. | અંબિકા ફરસાણ માર્ટ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | મોટી જલેબી | જલેબી<br>ફાફડા<br>મીઠી બુંદી |
| 4. | જય ભવાની સ્વીટ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | –– | જલેબી<br>ફાફડા<br>મીઠી બુંદી |
| 5 | રામકૃષ્ણ ટી સ્ટોલ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | ફાફડા | ફાફડા<br>જલેબી |
| 6. | રાજસ્થાન સ્વીટ એન્ડ નમકીન<br>પોદાર આર્કેડ સામે,વરાછા રોડ,સુરત. | ફાફડા | ફાફડા |
| 7. | ગાયત્રી ફરસાણ માર્ટ<br>કોહીનુર રોડ,વરાછા,સુરત. | ફાફડા<br>જલેબી | ફાફડા<br>જલેબી |
| 8. | સુરતી ખમણ હાઉસ<br>કોહીનુર રોડ,વરાછા,સુરત. | પાપડી<br>જલેબી | પાપડી<br>જલેબી |
| 9. | શ્રી મહાલક્ષ્મી ફરસાણ માર્ટ<br>વેડ રોડ,સુરત | –– | ફાફડા<br>જલેબી |
| 10. | શ્રી રામકૃપા સ્વીટ ફરસાણ<br>વેડ રોડ,સુરત | –– | પાપડી<br>જલેબી |
| 11. | જય અંબે ફરસાણ માર્ટ<br>વેડ રોડ,સુરત | –– | પાપડી<br>જલેબી |
| 12. | ન્યુ જય અંબે ફરસાણ માર્ટ<br>સિંગણપોર ચાર રસ્તા,સુરત | –– | પાપડી<br>જલેબી |
| 13. | મઢીની ખમણી<br>કતારગામ,સુરત | –– | પાપડી<br>ફાફડા |

| | | | |
|---|---|---|---|
| 14. | ગાયત્રીકૃપા ફરસાણ માર્ટ<br>કતારગામ,સુરત | પાપડી<br>ગાંઠીયા | -- |
| 15. | નિલકંઠ આર્દશ ફરસાણ<br>નાના વરાછા,સુરત | પાપડી | જલેબી<br>બુંદી |
| 16. | મહાકાળી ફરસાણ<br>સરથાણા,સુરત | ગાંઠીયા | પાપડી<br>ગાંઠીયા |
| 17. | ગોકુલ ફરસાણ એન્ડ સ્વીટ<br>કાપોદ્રા ચાર રસ્તા,સુરત | ગાંઠીયા | જલેબી<br>પાપડી |
| 18. | ગાયત્રી ખમણ હાઉસ<br>વરાછા રોડ,સુરત | પાપડી | ગાંઠીયા<br>સેવ |
| 19. | લક્ષ્મી ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ<br>વરાછા રોડ,સુરત | જલેબી | જલેબી<br>પાપડી |
| 20. | મા કૃપા ફરસાણ<br>પાણી ભીંત,સોની ફળીયું,સુરત | ફાફડા | ફાફડા<br>તેલ |
| 21. | ગણેશ ફરસાણ<br>સુભાષ ચોક,સુરત | ફાફડા | ફાફડા<br>તેલ |
| 22. | જય જલારામ ખમણ હાઉસ<br>ગોપીપુરા,સુરત | ફાફડા<br>જલેબી | જલેબી<br>ફાફડા<br>ચટણી |
| 23. | દુર્લભ નુ ફરસાણ<br>નવસારી બજાર,સુરત | ગાંઠીયા<br>પેટીસ | જલેબી<br>ફાફડા<br>તેલ |
| 24. | શ્રી નાથજી ફરસાણ<br>નવસારી બજાર,સુરત | ફાફડા<br>જલેબી | જલેબી<br>ફાફડા<br>પેટીસ |
| 25. | મઢીવાલા શ્રી ગણેશ નાતિા હાઉસ<br>બમરોલી રોડ,સુરત | ફાફડા | -- |
| 26. | ઉમીયા ફરસાણ<br>બમરોલી રોડ,સુરત | ફાફડા<br>ગાંઠીયા | -- |
| 27. | ઉમીયા ફરસાણ<br>પીયુષ પોઈન્ટ,સુરત | ફાફડા<br>જલેબી | -- |
| 28. | સાંઈ આશિષ નાસ્તા સેન્ટર<br>પીયુષ પોઈન્ટ,સુરત | ફાફડા<br>ખમણ | ફાફડા<br>જલેબી |
| 29. | અમરપુરી ફરસાણ<br>પાંડેસરા મેઈન રોડ,સુરત | -- | ફાફડા<br>જલેબી |

વધુમાં સદર કામગીરી દરમ્યાન આશરે ૩૧ કિલો અખાધ પદાર્થ જેવા કે શાકભાજી, ચટણી, પાણી, જુનુ ખાટુ ફરસાણ, તૈયાર અખાધ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે તેમજ કુલ ૧૨ નોટીસ આપવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## એર્ફોડેબલ હાઉસીગ સેલ

## <u>–: પ્રેસ નોટ :–</u>

**મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત LIG તથા EWS સ્કીમના ૧૯૫ બિલ્ડીંગોના રેસીડન્સ વેલફેર એસોસીએશન (RWA) પૈકી ૨૨ બિલ્ડીંગોના રેસીડન્સ વેલફેર એસોસીએશન (RWA) ના ૧૦૭૦ લાભાર્થીઓના મેઈન્ટેનન્સ ડીપોઝીટ રૂા.૫,૧૬,૭૫,૩૫૭/– ની ચુકવણી**

મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાના માન.કમિશ્નરશ્રી એમ.થેન્નારસન દ્વારા LIG સ્કીમ નં. ૨૨ ના બિલ્ડીગ નં.C,Eના રેસીડન્સ વેલફેર એસોસીએશન(RWA)ના પ્રમુખશ્રી તથા ઉપપ્રમુખશ્રીને મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમનો ચેક અર્પણ કરી લાભાર્થીઓના મેઈન્ટેનન્સ ડીપોઝીટની ચુકવણીની શરૂઆત આજરોજ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત LIG સ્કીમની ૩૦ સાઈટ તથા EWS સ્કીમની ૦૭ મળી કુલ–૩૭ સાઈટોના ૧૯૫ બિલ્ડીંગોના લાભાર્થીઓ દ્વારા રેસીડન્સ વેલફેર એસોસીએશન (RWA) ની રચના કરવાની કામગીરી ચાલુ છે. જે પૈકી LIG સ્કીમ નં.૧ ના બિલ્ડીગ નં.L,N,S, LIG સ્કીમ નં.૧૧ ના બિલ્ડીગ નં.A,B,D,L,M, LIG સ્કીમ નં.૧૯ ના બિલ્ડીગ નં.A, LIG સ્કીમ નં.૨૦ ના બિલ્ડીગ નં.A,C, LIG સ્કીમ નં.૨૧ ના બિલ્ડીગ નં.A,B, C,D, LIG સ્કીમ નં.૨૨ ના બિલ્ડીગ નં.B,C,E, LIG સ્કીમ નં.૨૩ ના બિલ્ડીગ નં.A,C, LIG સ્કીમ નં.૨૬ ના બિલ્ડીગ નં.A તથા EWS સ્કીમ નં.૩ ના બિલ્ડીગ નં.C મળી કુલ–૨૨ બિલ્ડીગોના ૧૦૭૦ લાભાર્થીઓ દ્વારા રેસીડન્સ વેલફેર એસોસીએશન (RWA) ની જીલ્લા રજીસ્ટ્રારમાં નોંધણી કરાવી નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા રેસીડન્સ વેલફેર એસોસીએશન (RWA) ને સુરત મહાનગરપાલિકા દ્વારા લાભાર્થીઓના મેઈન્ટેનન્સ ડિપોઝીટની રકમ રૂા.૫,૧૬,૭૫,૩૫૭/– ની ચુકવણી કરવામાં આવી છે. ઉપર જણાવેલ LIG તથા EWS સ્કીમની બિલ્ડીગોના એસોસીએશનોએ મેઈન્ટેનન્સ ડિપોઝીટની રકમના ચેકો એફોર્ડેબલ હાઉસીગ સેલ, વરીયાવી બજાર, પોલીસ ચોકીની સામેની ગલીમાં, ધાસ્તીપુરા, સુરત ખાતેથી મેળવવાની રહેશે.

મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત LIG તથા EWS સ્કીમના ઉપર જણાવ્યા સિવાયના બાકી રહેતા બિલ્ડીગોના રેસીડન્સ વેલફેર એસોસીએશન (RWA) ની જીલ્લા રજીસ્ટ્રાર કચેરીએ નોંધણીની કાર્યવાહી ઝડપથી પુર્ણ કરી નોંધણીનું પ્રમાણપત્ર મેળવી લેવા લાભાર્થીઓને જાણ કરવામાં આવે છે.





# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૫/૦૯/૧૭ થી તા.૨૭/૦૯/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), ફા.પ્લોટ નં.૧૦૭, ૧૧૬ માં આવેલ અલથાણ ટેનામેન્ટ બાંધકામો વર્ષો જુના અને સદંતર જર્જરીત તથા બિસ્માર હોવાથી તેને ઉતારી પાડી તેની જગ્યાએ સરકારશ્રીના જાહેર આવાસોના પુનઃવિકાસ યોજના–૨૦૧૬ અંતર્ગત પી.પી.ધોરણે રી–ડેવલપમેન્ટની કામગીરી હેઠળ તથા કોઈ જાનહાની કે અકસ્માત ન સર્જાય તે હેતુસર તમામ ટેનામેન્ટ જર્જરીત આવાસો તોડી દૂર કરવા સંબંધી તા.૧૨/૦૯/૧૭ થી સને–૧૯૪૯ ના ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૮ હેઠળ બ્લોક નં.સી/૧, સી/૨, સી/૩, સી/૪, સી/૫, સી/૬ તેમજ સી/૭ માં આવેલ કુલ–૯૯ જેટલાં રહેઠાણ/વાણિજયનો ઉપયોગ/ભોગવટો કરનારા મિલ્કતદારો તેમજ દુકાનદારોને નોટીસ આપી દિન–૭(સાત)માં વસવાટ/કબ્જો ખાલી કરી સુરત મહાનગરપાલિકાને સોંપવા માટે સત્તાવાર પત્રો પાઠવવામાં આવેલ. તેમ છતાં સદરહુ મિલ્કતદારો/કબ્જેદારો દ્વારા મુદૃત વિત્યા બાદ પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહીં આવતા અત્રેથી તા.૨૫/૦૯/૧૭ થી તા.૨૭/૦૯/૧૭ ના રોજ તાત્કાલિક ધોરણે સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કામગીરી અંતર્ગત વાણિજયનો ઉપયોગ કરનાર કુલ–૧૩ દુકાનો તેમજ ૪૦ જેટલાં રહેણાંક મિલ્કતદારોને વસવાટ ખાલી કરાવી ત્યાંની સ્થાનિક અલથાણ ટેનામેન્ટનો કબજો સોંપવાની બનેલ હિતરક્ષક વ્યકિતઓની હાજરી/રૂબરૂ ઉપસ્થિતિમાં તમામ સમક્ષ પંચનામું કરી, સુરત મહાનગરપાલિકા હસ્તક મિલ્કતોનો કબજો લેવામાં આવેલ છે.

  સદરહુ કામગીરીમાં સુરત મહાનગરપાલિકાનો દબાણ સ્ટાફ, શહેર વિકાસ વિભાગનો સ્ટાફ તથા સ્લમ અપગ્રેડેશન સેલ અને સિધ્ધી ડેવલોપર્સ અને જાહેર જનતાનો સહકારથી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ.

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૨૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ(અઠવા) પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં તા.૨૯/૦૯/૨૦૧૭ના રોજ યોજાયેલ શેરી ગરબા સ્પર્ધા.

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૨૧/૦૯/૨૦૧૭ થી ૩૦/૦૯/૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. સુરત શહેરની સ્વાદપ્રિય તથા ઉત્સવપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસાસ્વાદ સાથે રાસ, ગરબા, ઓરકેસ્ટ્રા, ગુજરાતી ગીતોનો કાર્યક્રમ, ગરબા સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ આસો માસ નવરાત્રિ દરમ્યાન યોજાતા આ ફુડ ફેસ્ટીવલમાં તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ જગતજનની મા જગદંબાની આરતી સાથે શેરી ગરબા સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શહેરના ૧૬ જેટલા વિવિધ મહિલા મંડળો, ગરબા મંડળોના ૩૨૦ જેટલા સ્પર્ધકોએ મા આદ્યશકિતના વિવિધ સ્વરૂપોની આરાધના કરતાં ગરબાઓ રજુ કર્યા હતા. જેને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ સહિત શહેરની સ્વાદપ્રિય તથા ઉત્સવ પ્રેમી નગરજનોએ ભકિત ભાવસભર માણ્યા હતાં. શેરી ગરબા સ્પર્ધામાં નીચે મુજબની સંસ્થા/મંડળો વિજેતા જાહેર થયા હતા.

| **વિજેતાનો ક્રમ** | **વિજતા સંસ્થા / મંડળનું નામ** |
|---|---|
| **પ્રથમ** | સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર |
| **દ્વિતીય** | ઉત્કર્ષ મંડળ |
| **તૃતીય** | રામપુરા મહિલા મંડળ |
| **આશ્વાસન** | ગિરીરાજ સોસાયટી વિભાગ–૧ |
| | અડાજણ અનાવિલ સહિયર ગ્રૃપ |
| | આમ્રકુંજ ઉત્સવ સમિતિ |
| | મહિધરપુરા–અર્બન પ્રાથમિક કન્યા વિદ્યાલય |

શેરી ગરબા સ્પર્ધાના વિજેતાઓને માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, નિર્ણાયકશ્રી સંગીતાબેન ચોકસી અને શ્રી અર્ચનાબેન વ્યાસના હસ્તે ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ફૂડ ફેસ્ટીવલમાં હવે પછી યોજાનાર નીચે મુજબના સાંસ્કૃતિક કાર્યક્રમોને માંણવા શહેરની કલાપ્રિય જનતાને નિમંત્રણ છે. રંગારંગ કાર્યક્રમ રજુ કરનાર સંસ્થાઓએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

**:: સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત ::**

| ક્રમ | તારીખ / વાર | કાર્યક્રમની વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૯/૦૯/૨૦૧૭ શુક્રવાર | આંગીકમ સંસ્થા / નૃત્યમ ભરત નાટ્યમ એકેડમીનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૨ | ૩૦/૦૯/૨૦૧૭ શનિવાર | સૂરમય સંધ્યા | સાંજે ૭.૩૦ કલાકે |

તા.૨૭/૦૯/૧૭નાં રોજ **"વર્લ્ડ ટુરિઝમ ડે"** નિમિત્તે **"સ્વચ્છતા હી સેવા"** તા.૨૭/૦૯/૧૭નાં રોજ સોસાયટીઓ અને માર્કેટ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે સ્પર્ધાનું આયોજન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૨૭/૦૯/૧૭નાં રોજ **"વર્લ્ડ ટુરિઝમ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૭/૦૯/૧૭નાં રોજ રહેણાંક સોસાયટીઓ અને માર્કેટ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય સ્ટાફ, N.G.O., તેમજ નગરજનોની ટીમો બનાવી આ ટીમો દ્વારા ઝોનમાં વિસ્તારમાં આવેલ રહેણાંક/અનુદાન મેળવતી સોસાયટી તેમજ ફુડ, વેજીટેબલ, અન્ય માર્કેટો વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોવાથી આજ તા.૨૭/૦૯/૨૦૧૭નાં રોજ આ ટીમો મારફતે ઝોન વિસ્તારમાં આવેલ સોસાયટીનાં પ્રમુખ/સેક્રેટરી, વહીવટકર્તાઓનો સંપર્ક કરી સોસાયટીનાં રસ્તાઓ, ખુલ્લા પ્લોટ, કોમન પ્લોટ/સી.ઓ.પીમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરી તેમજ સોસાયટી સ્પર્ધામાં બનાવેલ નિયમો અનુસારની કામગીરી/જોગવાઈ તેઓ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ તે અંગેની ઘનિષ્ઠ ચેકીંગ ટીમો દ્વારા કરી ગુણવતા મુજબ માર્કસ આપવાની કાર્યવાહી કર્યા બાદ ઝોનમાં આવેલ ફુડ/વેજીટેબલ તથા અન્ય માર્કેટો વચ્ચે પણ સ્પર્ધાનું આયોજન કરેલ હોવાથી આ સ્પર્ધામાં ભાગ લેનાર માર્કેટોની મુલાકાત લઈ નિયમો અનુસારની ગુણવતા બાબતે ઘનિષ્ઠ ચેકીંગની કાર્યવાહી કર્યા બાદ ટીમ મારફતે સ્પર્ધામાં ભાગ લેનારા સોસાયટીઓ/માર્કેટો પૈકી ઉચ્ચ ગુણ મેળવનાર સોસાયટી/માર્કેટને પ્રથમ, દ્વિતીય તેમજ તૃતીય ક્રમ આપવા માટેનું નકકી કરવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

# 'ગાંધી પ્રદર્શન'

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત દ્વારા મહાત્મા ગાંધીજીના જીવન ચરિત્રને લગતુ પ્રદર્શન આગામી 'ગાંધી જયંતિ' નિમિત્તે સાયન્સ સેન્ટર ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના પ્રથમ માળ ખાતે તા.૩ થી ૧૪ ઓકટોબર, ૨૦૧૭ સુધી સદર પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રદર્શનમાં ગાંધીજીએ પોતાના રોજીંદા–જીવન દરમ્યાન ઉપયોગમાં લીધેલી ચીજ વસ્તુઓની પ્રતિકૃતિઓ, ગાંધી જીવનને લગતું સચિત્ર સાહિત્ય તથા પુસ્તકો અને શ્રી રથિન મિત્રા દ્વારા ગાંધીજી દ્વારા સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન મુલાકાત લીધેલ સો થી વધુ સ્થળોના રેખાચિત્રોની પ્રતિકૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રદર્શન સાયન્સ સેન્ટર ખાતે આવનાર મુલાકાતીઓ તા.૦૩/૧૦/૨૦૧૭ થી તા.૧૪/૧૦/૨૦૧૭ સુધી નિહાળી શકશે.

**<u>પ્રદર્શનનો સમય</u>**

તા. ૩ થી ૬ અને ૧૦ થી ૧૩ ઓકટોબર,૨૦૧૭ના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી

તા.૭, ૮ અને૧૪ ઓકટોબર, ૨૦૧૭ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૬:૩૦ સુધી

તા. ૯ ઓકટોબર ૨૦૧૭ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

સુરત મહાનગરપાલિકા
યુ.સી.ડી. વિભાગ
અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના વેસ્ટઝોન વિસ્તારમાં તા.૦૨/૧૦/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય**:- તા.૦૨/૧૦/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૦૧-રાંદેર- જહાંગીરપુરા-વરીયાવ ૦૯-અડાજણ- પાલ- પાલનપોર ૧૦-અડાજણ- ગોરાટ, વેસ્ટઝોન, બાળા સાહેબ દેવરસ રોડ, ન્યુ રાંદેર રોડ, તાડવાડી, સુરત.ખાતે યોજનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૨/૧૦/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૦૧-રાંદેર- જહાંગીરપુરા-વરીયાવ, ૦૯-અડાજણ- પાલ- પાલનપોર, ૧૦-અડાજણ- ગોરાટ, વેસ્ટઝોન, બાળા સાહેબ દેવરસ રોડ, ન્યુ રાંદેર રોડ, તાડવાડી, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વૃધ્ધ સહાય, દીવ્યાંગના પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપર્ટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં. 1057 1
તા.૨૯/૦૯/'૧૭.

## :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૨૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ(અઠવા) પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં તા.૨૯/૦૯/૨૦૧૭ના રોજ યોજાયેલ શેરી ગરબા સ્પર્ધા.

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૨૧/૦૯/૨૦૧૭ થી ૩૦/૦૯/૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. સુરત શહેરની સ્વાદપ્રિય તથા ઉત્સવપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસાસ્વાદ સાથે રાસ, ગરબા, ઓરકેસ્ટ્રા, ગુજરાતી ગીતોનો કાર્યક્રમ, ગરબા સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ આસો માસ નવરાત્રિ દરમ્યાન યોજાતા આ ફુડ ફેસ્ટીવલમાં તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ જગતજનની મા જગદંબાની આરતી સાથે શેરી ગરબા સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શહેરના ૧૬ જેટલા વિવિધ મહિલા મંડળો, ગરબા મંડળોના ૩૨૦ જેટલા સ્પર્ધકોએ મા આદ્યશક્તિના વિવિધ સ્વરૂપોની આરાધના કરતાં ગરબાઓ રજુ કર્યા હતા. જેને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ સહિત શહેરની સ્વાદપ્રિય તથા ઉત્સવ પ્રેમી નગરજનોએ ભક્તિ ભાવસભર માણ્યા હતાં. શેરી ગરબા સ્પર્ધામાં નીચે મુજબની સંસ્થા/મંડળો વિજેતા જાહેર થયા હતા.

| વિજેતાનો ક્રમ | વિજેતા સંસ્થા / મંડળનું નામ |
|---|---|
| પ્રથમ | સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર |
| દ્વિતીય | ઉત્કર્ષ મંડળ |
| તૃતીય | રામપુરા મહિલા મંડળ |
| આશ્વાસન | ગિરીરાજ સોસાયટી વિભાગ–૧ |
| | અડાજણ અનાવિલ સહિયર ગૃપ |
| | આમ્રકુંજ ઉત્સવ સમિતિ |
| | મહિધરપુરા–અર્બન પ્રાથમિક કન્યા વિદ્યાલય |

શેરી ગરબા સ્પર્ધાના વિજેતાઓને માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, નિર્ણાયકશ્રી સંગીતાબેન ચોકસી અને શ્રી અર્ચનાબેન વ્યાસના હસ્તે ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ફુડ ફેસ્ટીવલમાં હવે પછી યોજાનાર નીચે મુજબના સાંસ્કૃતિક કાર્યક્રમોને માંણવા શહેરની કલાપ્રિય જનતાને નિમંત્રણ છે. રંગારંગ કાર્યક્રમ રજુ કરનાર સંસ્થાઓએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

### :: સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત ::

| ક્રમ | તારીખ / વાર | કાર્યક્રમની વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૯/૦૯/૨૦૧૭ શુક્રવાર | આંગીકમ સંસ્થા / નૃત્યમ ભરત નાટ્યમ એકેડમીનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૨ | ૩૦/૦૯/૨૦૧૭ શનિવાર | સૂરમય સંધ્યા | સાંજે ૭.૩૦ કલાકે |

સમાચાર યાદી નં. 0572, તા.૨૯/૦૯/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

A:\NEW ADMIN 2017-18\FOOD FESTIVAL 2017.docx



નવરાત્રિના પાવન પર્વની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ ખાતે યોજાયેલ શેરી ગરબા સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ અને અન્ય મહાનુભાવો તથા શેરી ગરબા સ્પર્ધામાં કૃતિ રજૂ કરતા સ્પર્ધકો દ્રશ્યમાન છે.

૫૭૩

## :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે આયોજીત ભજન સ્પર્ધામાં ઉપસ્થિત રહેવા બાબત.**

**સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના ૩૦ વર્ષથી વધુ વયના ભાઈઓ–બહેનોની ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સંગીતપ્રેમી નગરજનોને ભજનોને માંણવા સાથે સંગીતવૃંદને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને વિના મૂલ્યે નિમંત્રણ છે.**

૫૭૪

# <u>પ્રે સ નો ટ</u>

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી દશેરાના તહેવારને ધ્યાને રાખી આજ તા.૨૯/૦૯/૨૦૧૭ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, ફરસાણના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા મોકલી આપવામાં આવેલ છે તથા સ્થળ પર  ટેસ્ટીંગ કરવામાં આવેલ છે

| અ.નુ. | સંસ્થાનું નામ/ સરનામુ | લીધેલ નમુનો | સ્થળ સ્પોર્ટ ટેસ્ટીંગ કરેલ નમુનો |
|---|---|---|---|
| 1. | મહાલક્ષ્મી રેસ્ટોરન્ટ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | ફાફડા | ફાફડા |
| 2. | અરવિંદ ટી હિન્દુ હોટલ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | ફાફડા<br>જલેબી | ફાફડા<br>જલેબી |
| 3. | અંબિકા ફરસાણ માર્ટ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | મોટી જલેબી | જલેબી<br>ફાફડા<br>મીઠી બુંદી |
| 4. | જય ભવાની સ્વીટ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | -- | જલેબી<br>ફાફડા<br>મીઠી બુંદી |
| 5 | રામકૃષ્ણ ટી સ્ટોલ<br>બંદુગડાનાકું,લાલ દરવાજા,સુરત. | ફાફડા | ફાફડા<br>જલેબી |
| 6. | રાજસ્થાન સ્વીટ એન્ડ નમકીન<br>પોદાર આર્કેડ સામે,વરાછા રોડ,સુરત. | ફાફડા | ફાફડા |
| 7. | ગાયત્રી ફરસાણ માર્ટ<br>કોહીનુર રોડ,વરાછા,સુરત. | ફાફડા<br>જલેબી | ફાફડા<br>જલેબી |
| 8. | સુરતી ખમણ હાઉસ<br>કોહીનુર રોડ,વરાછા,સુરત. | પાપડી<br>જલેબી | પાપડી<br>જલેબી |
| 9. | શ્રી મહાલક્ષ્મી ફરસાણ માર્ટ<br>વેડ રોડ,સુરત | -- | ફાફડા<br>જલેબી |
| 10. | શ્રી રામકૃપા સ્વીટ ફરસાણ<br>વેડ રોડ,સુરત | -- | પાપડી<br>જલેબી |
| 11. | જય અંબે ફરસાણ માર્ટ<br>વેડ રોડ,સુરત | -- | પાપડી<br>જલેબી |
| 12. | ન્યુ જય અંબે ફરસાણ માર્ટ<br>સિંગણપોર ચાર રસ્તા,સુરત | -- | પાપડી<br>જલેબી |
| 13. | મઢીની ખમણી | -- | પાપડી |

| | | | |
|---|---|---|---|
| | કતારગામ,સુરત | | ફાફડા |
| 14. | ગાયત્રીકૃપા ફરસાણ માર્ટ<br>કતારગામ,સુરત | પાપડી<br>ગાંઠીયા | –– |
| 15. | નિલકંઠ આર્દશ ફરસાણ<br>નાના વરાછા,સુરત | પાપડી | જલેબી<br>બુંદી |
| 16. | મહાકાળી ફરસાણ<br>સરથાણા,સુરત | ગાંઠીયા | પાપડી<br>ગાંઠીયા |
| 17. | ગોકુલ ફરસાણ એન્ડ સ્વીટ<br>કાપોદ્રા ચાર રસ્તા,સુરત | ગાંઠીયા | જલેબી<br>પાપડી |
| 18. | ગાયત્રી ખમણ હાઉસ<br>વરાછા રોડ,સુરત | પાપડી | ગાંઠીયા<br>સેવ |
| 19. | લક્ષ્મી ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ<br>વરાછા રોડ,સુરત | જલેબી | જલેબી<br>પાપડી |
| 20. | મા કૃપા ફરસાણ<br>પાણી ભીંત,સોની ફળીયું,સુરત | ફાફડા | ફાફડા<br>તેલ |
| 21. | ગણેશ ફરસાણ<br>સુભાષ ચોક,સુરત | ફાફડા | ફાફડા<br>તેલ |
| 22. | જય જલારામ ખમણ હાઉસ<br>ગોપીપુરા,સુરત | ફાફડા<br>જલેબી | જલેબી<br>ફાફડા<br>ચટણી |
| 23. | દુર્લભ નુ ફરસાણ<br>નવસારી બજાર,સુરત | ગાંઠીયા<br>પેટીસ | જલેબી<br>ફાફડા<br>તેલ |
| 24. | શ્રી નાથજી ફરસાણ<br>નવસારી બજાર,સુરત | ફાફડા<br>જલેબી | જલેબી<br>ફાફડા<br>પેટીસ |
| 25. | મઢીવાલા શ્રી ગણેશ નાતિા હાઉસ<br>બમરોલી રોડ,સુરત | ફાફડા | –– |
| 26. | ઉમીયા ફરસાણ<br>બમરોલી રોડ,સુરત | ફાફડા<br>ગાંઠીયા | –– |
| 27. | ઉમીયા ફરસાણ<br>પીયુષ પોઈન્ટ,સુરત | ફાફડા<br>જલેબી | –– |
| 28. | સાંઈ આશિષ નાસ્તા સેન્ટર<br>પીયુષ પોઈન્ટ,સુરત | ફાફડા<br>ખમણ | ફાફડા<br>જલેબી |
| 29. | અમરપુરી ફરસાણ<br>પાંડેસરા મેઈન રોડ,સુરત | –– | ફાફડા<br>જલેબી |

વધુમાં સદર કામગીરી દરમ્યાન આશરે ૩૧ કિલો અખાધ પદાર્થ જેવા કે શાકભાજી, ચટણી, પાણી, જુનુ ખાટુ ફરસાણ, તૈયાર અખાધ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે તેમજ કુલ ૧૨ નોટીસ આપવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# યુ.સી.ડી વિભાગ

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકા દ્વારા **વેસ્ટ** ઝોન **(રાંદેર)** વિસ્તારમાં તારીખ:**૦૨/૧૦**/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

વિષય :તા:૦૨/૧૦/૨૦૧૭ નાં રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વેસ્ટ ઝોન (રાંદેર) રાદેર જોન ઓફીસ, બાળા સાહેબ દેવસર રોડ, ન્યુ રાદેર રોડ, તાડવાડી, સુરત ખાતે યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યનાં વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તારીખ:૦૨/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન દરમ્યાન વેસ્ટ ઝોન (રાંદેર) રાદેર જોન ઓફીસ, બાળા સાહેબ દેવસર રોડ, ન્યુ રાદેર રોડ, તાડવાડી, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા "સેવા-સેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. શ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય તથા સસંદીય સચિવશ્રી દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, સેવા-સેતુ કાર્યક્રમ રાજ્ય સરકારનો સૌથી સફળ કાર્યક્રમ રહ્યો છે. માન. મુખ્યમંત્રીશ્રીનો છેવાડાનાં લોકોને લાભ આપવા આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સરકારશ્રીની અનેક યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. અને લોકોની જરૂરીયાત સંતોષવા હંમેશા તૈયાર છે. સેવા સેતુમાં અનેક અરજીઓનો નિકાલ થતો હોય છે. અને લાભાર્થીઓને જેતે યોજનાઓનો સિધો લાભ મળે છે. તેમજ સેવાસેતુ થકી ગરિબ લોકોને તમામ યોજનાઓનો એક જ સ્થળ પર નિકાલ કરવામાં આવે છે. તેમજ મેયરશ્રી શ્રીમતી અસ્મીતાબેન સિરોયા દ્વારા જણાવેલ કે, હાલ ત્રીજા તબકકાના સેવાસેતુ કાર્યરાત છે. હાલ સુધી ગરીબ લોકોને યોજનાઓ કે પુરાવાઓ કઈ રીતે મેળવાવા શું કરવું ત અગેની ખબર ન હતી તેમની તમામ મુશ્કેલીઓનો નિકાલ સેવાસેતુમા થાય છે અને તેમના તમામ કામ સહેલી રીતે પુરા થઇ જાય છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં શ્રીમતી દર્શનાબેન જરદોશ, સસંદ સભ્યશ્રી. શ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય તથા સસંદીય સચિવ. શ્રીમતી અસ્મીતાબેન સિરોયા, મેયરશ્રી શ્રી શંકરભાઈ ચેવલી, ડે. મેયરશ્રી શ્રી રાજેશભાઈ દેસાઈ, અધ્યક્ષશ્રી-સ્થાયી સમિતિ, શ્રી અનિલભાઈ બિસ્કિટવાલા, અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી ગીરજાશંકર મિશ્રા, શાસકપક્ષના નેતાશ્રી રમણભાઈ પરમાર, અધ્યક્ષશ્રી હોસ્પીટલ સમિતિશ્રી

દિગ્વિજયસિંહ બારડ – કોર્પોરેટરશ્રી શ્રીમતી હીનાબેન ચૌધરી – કોર્પોરેટરશ્રીશ્રીમતી મીતાબેન પટેલ – કોર્પોરેટરશ્રીશ્રી નીરવભાઈ શાહ - કોર્પોરેટરશ્રીશ્રી પ્રવીણભાઈ પટેલ – કોર્પોરેટરશ્રી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે તે મહેસુલ વિભાગ, જીલા ઉધોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ, આર.ટી.ઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ વિભાગ, વિવિધ બેંકો શ્રમિક કલ્યાણ બોર્ડ, વગેરે દ્વારા કુલ ૨૨ ટેબલ અને ૪૩ કાઉન્ટર ગોઠવી જેમા દિવસ દરમ્યાન કુલ ૨૯૫૩ લાભાર્થીઓએ આવકનો દાખલા, ક્રિમીલેયર સર્ટી, પંચનામા, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઇ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી, માં વાત્સલ્ય, માં અમૃતમ કાર્ડ, જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ સેવાસેતુ કાર્યક્રમ”નાં આયોજનનો વિસ્તારના રહીશો દ્વારા ખુબજ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.





# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટગેલેરીના ભોંયતળિયે શ્રીરામના જીવન ચરિત્રને વર્ણવતા શ્રીમદ વાલ્મીકી રામાયણ આધારીત રંગોળીની કામગીરી તા.૧૮/૦૯/૨૦૧૭ થી તા.૨૮/૦૯/૨૦૧૭ સુધી અલ્પના ગ્રુપના ૧૪ કલાકારો દ્વારા ૮૫ રંગોળીઓમાં રામાયણ મહાકાવ્યને ૧૧ દિવસ, રોજ ૧૦ કલાક પ્રતિ કલાકાર પ્રમાણે ૩૪૫૦ ચો.મી. વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ છે. આ રામાયણ રંગોળી પ્રદર્શન'નું મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદ હસ્તે તા.૩૦/૦૯/૨૦૧૭ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉદ્દઘાટન કરવામાં આવેલ જેમાં ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશ દેસાઈ, નેતા શ્રીશાસકપક્ષ ગિરિજાશંકર મિશ્રા,સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા રૂપલબેન શાહ તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.કમિશ્નરશ્રી, મ્યુ.સભ્યશ્રીઓ, સિ. સુપ્રિ. પોસ્ટ, અધિકારીશ્રીઓ તેમજ પ્રદર્શનને તૈયાર કરનાર 'અલ્પના ગ્રુપના' કલાકારો અંજલી સપન સાળુંકે, શિખા ચૈતન્ય જરીવાલા, અશ્વિન મણીલાલ જરીવાલા, અમિતા રણધીર ભગત, મીરા નિખિલ કોરડાવાલા, અદિતિ કાનંદ ભટ્ટ, દર્શના નંદન સચાનીયા, નિના શાંતિલાલ રાઠોડ, કામિષા તેજસકુમાર ચેવલી, ધ્વનિ દિપશકુમાર ચેવલી, પર્સિસ નિતીનકુમાર પ્રેસવાલા, પ્રદિપ ગોરધનભાઈ કાજવાદરા (હંસ), પ્રિયંકા લલ્લુભાઈ પટેલ, ભાવિકકુમાર નરેશભાઈ પટેલ અને નગરજનો ઉપસ્થિત રહયા હતા.

સદર પ્રદર્શનમાં ઉપસ્થીત મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, નેતા શ્રીશાસકપક્ષ ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા રૂપલબેન શાહ તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીના હસ્તે રંગોળી તૈયાર કરનાર 'અલ્પના ગ્રુપના' કલાકારોને રામાયણ ગ્રંથ તથા ખેસ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકા, સંચાલિત સાયન્સ સેન્ટર, સુરત ખાતે આવેલ આર્ટગેલેરીમાં વર્ષ ૨૦૦૯થી દર વર્ષે રંગોળી પ્રદર્શન કરવામાં આવે છે. જેમાં દરેક કલાકારો પોતાની આગવી પ્રતિભા રજુ કરે છે. વિવિધ ભાષામાં અલ્પનાનો અર્થ રંગોળી કળા સૂચવે છે. આ કાર્યનો મુળ ઉદ્દેશ્ય આપણી વૈદિક સંસ્કૃતિ, મૂલ્યો અને સંસ્કાર વારસો બાળકોથી માંડી અબાલ વૃદ્ધો અને યુવાનો સુધી શ્રીમદ વાલ્મીકી કૃત રામાયણ દ્વારા પહોંચાડવાનો છે.

શ્રીમદ વાલ્મીકી કૃત રામાયણ કુલ ૨૪૦૦૦ શ્લોક ધરાવે છે જેને આ પ્રદર્શનમાં ૬ કાંડમાં નીચે મુજબ વર્ણવેલ છે.

**૧. બાલકાંડ**માં શ્રીરામના જન્મ(પુત્રકામેશ્ઠી યજ્ઞ બાદ) તથા તેમના ભાઈઓ લક્ષ્મણ, ભરત અને શત્રુધ્નના જન્મ, કિશોરાવસ્થા તથા તેમના શાસ્ત્રો અને શસ્ત્રોના અભ્યાસઘ, સીતાજીના જન્મ કથાનક, ચારેય ભાઈઓના લગ્ન પ્રસંગોનું વિવરણ વિગરે પ્રસંગો અત્રે **૧૯ રંગોળીઓ**માં દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**૨. અયોધ્યા કાંડ**માં શ્રીરામને મળેલ ૧૪ વર્ષના વનવાસ પાછળના ઘટના ક્રમ, રાજા દશરથનો શ્રી રામને ઉત્તરાધિકારી તરીકે રાજયાભિષેક કરાવવાની ઘોષણા, દાસી મંથરા દ્વારા રાણી કૈકેયીની ઉશ્કેરણી, કૈકેયી દ્વારા રાજા દશરથ પાસેથી બે વરદાનની માંગણી, શ્રી રામ સાથે સીતાજી અને લક્ષ્મણનો વનવાસ માટે પ્રસ્થાન અને ભરત દ્વારા શ્રી રામની પાદુકા સ્વીકાર તથા તેમના વતી રાજય ચલાવવાના પ્રસંગો કુલ **૧૨ રંગોળીઓ** દ્વારા દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૩. અરણ્યકાંડ**માં શ્રી રામના સીતાજી તથા લક્ષમણ સાથેના વનવાસ દરમિયાનના જીવન પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ રાક્ષસોનો સંહાર, શુર્પણખા રાક્ષસીના નાક કાપવાની ઘટના, રાવણ દ્વારા વેષપલટા બાદ સીતાજીના અપહરણની ઘટના, જટાયુ–રાવણ યુધ્ધ, શબરી–શ્રીરામની કથા, હનુમાનજી તથા સુગ્રીવનું શ્રીરામ સાથે મિલન જેવા લોકપ્રિય પ્રસંગોનો સમાવેશ થાય છે. આ કાંડને અહીં કુલ **૧૧ રંગોળીઓ** દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**૪. કિષ્કિંધાકાંડ**માં વાનર રાજા બાલિની જીવન કથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શ્રી રામનું હનુમાન તથા સુગ્રીવ સાથે મિલન, સુગ્રીવ અને રાજા બાલિ વચ્ચે યુધ્ધ, સુગ્રીવ દ્વારા વાનરસેનાને સીતાજીની શોધમાં મોકલવાનો આદેશ જેવા પ્રસંગોનો સમાવેશ થાય છે. આ કાંડને અહીં કુલ **૫ રંગોળીઓ** દ્વારા દર્શાવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**૫. સુંદરકાંડ**માં શ્રી રામના પરમભકત હનુમાનજીના પરાક્રમોના પ્રસંગોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં હનુમાનજીની તાકાત, શૌર્ય અને શરીરના કદ બદલી શકવાની ક્ષમતા, વિવિધ રાક્ષસો સાથેના યુદ્ધ દ્વારા દર્શાવી છે. લંકામાં હનુમાનજી દ્વારા સીતાની શોધ, લંકા દહન જેવા લોકપ્રિય પ્રસંગો અહીં કુલ **૧૨ રંગોળી** દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

**૬. યુદ્ધકાંડ** સમગ્ર રામાયણનું અતિમહત્વનું તથા અત્યંત લોકપ્રિય કાંડ છે. જેમાં શ્રી રામ તથા શિવભકત રાવણ વચ્ચે થયેલ ભીષણ યુદ્ધના પ્રસંગો દર્શાવે છે. આ કાંડમાં રામ સેતુનું નલ–નીલ તથા વાનરસેના દ્વારા નિર્માણ, વિભિષણનું શ્રીરામ સાથે મિલન , હનુમાનજી દ્વારા સંજીવની જડીબુટીની શોધ, મેઘનાથ – કુંભકર્ણના વધ, રાવણ સંહાર, વિજયી શ્રી રામનું અયોધ્યામાં આગમન, સીતાજીની અગ્નિપરીક્ષા તથા સીતાજીના ભૂમિપ્રવેશના પ્રસંગોનું વિવરણ છે. આ સમગ્ર કાંડ અહીં **૨૬ રંગોળીઓ** દ્વારા દર્શાવવામાં આવ્યા છે.

વધુમાં સદર પ્રદર્શનમાં ૩૦૦ વર્ષ જુનુ તાડપત્ર ઉપર ઉત્કર્ણીત રામાયણ ગ્રંથ, રામાયણ આધારીત ચાંદીના ટોકન પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં વારણસી ખાતે વિમોચન કરવામાં આવેલ રામાયણ આધારીત પોસ્ટલ સ્ટેમ્પના પ્રદર્શન સહ વેચાણ માટે ભારતીય પોસ્ટલ વિભાગ દ્વારા સ્ટોલ રાખવામાં આવેલ છે.

**સદર પ્રદર્શન જાહેર જનતા વિના મૂલ્યે તા.૩૦/૦૯/૨૦૧૭થી તા.૧૮/૧૦/૨૦૧૭ સુધી નિહાળી શકશે.**

**પ્રદર્શનનો સમય :**

તા.૩૦ સપ્ટેમ્બર, ૧, ૪ થી ૮, ૧૦ થી ૧૫ અને ૧૭ થી ૧૮ ઓકટોમ્બર, ૨૦૧૭ સુધી સવારે ૦૯:૩૦ થી ૦૮:૩૦ સુધી
તા.૨, ૯ અને ૧૬ ઓકટોમ્બર, ૨૦૧૭ ( દર સોમવાર)ના રોજ પ્રદર્શન બંધ રહેશે.





રામાયણ રંગોળી પ્રદર્શનનું ઉદઘાટન તથા પ્રદર્શન નિહાળતા
મા.મેયરશ્રી, અન્ય મહાનુભાવો તેમજ મ્યુનિસિપલ કમિશનરશ્રી.

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૦/૦૯/૨૦૧૭ શનિવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ધનમોરા કોમ્પલેક્ષ,સુગમ સોસાયટી કોમ્યુનીટી હોલ પાસે,અડાજણ પાટીયા,સુરત ખાતે અંદાજિત રૂા.૨૨૭.૩૫ કરોડના ખર્ચે સાકારિત જિલાની બ્રિજની લોકાર્પણવિધિ માન.મંત્રી,મહેસુલ,શિક્ષણ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો,ગુજરાત રાજય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્હસ્તે તથા મા. મેયરશ્રી શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે સંપન્ન થયેલ.

જિલાની બ્રિજની કુલ લંબાઈ ૩૦૧૨.૭૭૮ મી. (એપ્રોચ સહીત) તથા પહોળાઈ ૧૯.૫૦ મીટર. **(4-Lane)** છે.આ બ્રિજના નિર્માણથી આ વિસ્તારમાં યાતાયાત ઝડપી અને સરળ થશે. માસ ટ્રાન્સપોર્ટની સુવિધા વધુ અસરકારક અને ઝડપી થશે. શહેરીજનોના સમયની બચત થશે, પ્રદૂષણમાં ઘટાડો થશે.

આ પ્રસંગે ઉપસ્થિત માન.મંત્રી, શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનું સ્વાગત માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતા શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને મોમેન્ટો તથા બુકે આપી સ્વાગત કરેલ તથા બ્રિજના કોન્ટ્રકટર શ્રી રણછોડભાઈ પટેલ,સમસ્ત મુસ્લીમ સમાજના આગેવાન જુનેદભાઈ છોટાણી,જાણીતા કાર્ડીયોલોજીસ્ટ ર્ડા.આસીફ રહીમ,નિવૃત એ.સી.પી. મુનાવરખાન પઠાણ,ભરૂચી વહોરા પટેલ સમાજ તરફથી અલતાફભાઈ પટેલ,ઈમરાનભાઈ પટેલ, કે.પી.ગૃપ સુરત તરફથી ફારૂકભાઈ પટેલ,એડવોકેટ ભદ્રાબેન જોષી,સરદાર ઈંગ્લીશ સ્કુલના પ્રિન્સીપાલ પિન્કીબેન કાલીયા અને તેમના સ્ટાફ ધ્વારા માન.મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનું સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.દંડક,ગુજરાત સરકાર શ્રી અજયકુમાર ચોકસી,માન.સાંસદ શ્રીમતી દર્શાનાબેન જરદોશ, માન.ધારાસભ્ય શ્રી રણજીભાઈ ગિલીટવાલા,માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ, પ્રેસ/મિડીયા/ફોટોગ્રાફરો,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


સુરત મહાનગરપાલિકા









# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા "મહાનગરપાલિકા સ્થાપના દિન"ની ઉજવણી અંતર્ગત કતારગામ ઝોન તથા રાંદેર ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા.૧૩.૧૬ કરોડના ખર્ચે સાકારિત થનાર/થયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / લોકાર્પણવિધિ તા.૦૧/૧૦/૨૦૧૭,રવિવારના રોજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ સ્થાને માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ,માન.અધ્યક્ષા,સમાજ કલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ,માન.અધ્યક્ષા,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્દહસ્તે કરવામાં આવેલ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ઉત્રાણ ગામતળનો કુલ વિસ્તાર ૩૧,૮૯૪.૦૦ ચો.મી.છે.અંદાજિત રૂા. ૧૧૨.૨૬ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે.તથા છાપરાભાઠા ગામતળનો કુલ વિસ્તાર ૪૯,૬૫૯.૦૦ ચો.મી.છે.અંદાજિત રૂા.૬૫.૦૬ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે.જેની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ.નં.૭૦,એફ.પી.આર–૫૬, છાપરાભાઠા ખાતે શાંતિકુંજના પ્લોટનું ક્ષેત્રફળ ૩૮૭.૦૦ ચો.મી.છે.જેનો પ્રોજેકટ ખર્ચ રૂા.૭.૭૦ લાખના ખર્ચે સાકારિત થયેલ છે. જેના થકી સદર વિસ્તાર તેમજ આજુબાજુનાં વિસ્તારમાં વસવાટ કરતાં બાળકોથી માંડીને વૃધ્ધો સુધીના લોકો હરીયાળી સાથેના ખુલ્લા વાતાવરણમાં કુદરતી રમણીયતાનો લાભ લઈ શકશે. જેમાં વોકવે, ટોયલેટ બ્લોક, બેસવા માટેનો ગઝેબો વિગેરે સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ફુલપાડા ગામતળનો કુલ વિસ્તાર ૬૪,૪૫૫.૦૦ ચો.મી. છે.અંદાજિત રૂા. ૬૩.૦૫ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે.તથા કતારગામ ગામતળનો કુલ વિસ્તાર ૩,૦૩,૮૯૫.૦૦ ચો.મી.છે.અંદાજિત રૂા. ૧૮૦.૨૭ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે.જેની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ), ફા.પ્લોટ નં.૧૨૯(અક્ષર હાઈટસની સામે) ખાતે વાંચનાલયના પ્લોટનું ક્ષેત્રફળ ૭૫૦.૦૦ ચો.મી.છે.આ વાંચનાલયનો પ્રોજેકટ ખર્ચ રૂા. ૧૩૫.૦૧ લાખ થયેલ છે. વાંચનાલય બનવાથી આજુ બાજુના વિસ્તારમાં રહેતા લોકોને વાંચનાલયની સુવિધા પ્રાપ્ત થશે.જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા,સમાજ કલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભવોના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ વેડ ગામતળનો  કુલ વિસ્તાર ૧૮,૪૭૪.૦૦ ચો.મી.છે.અંદાજિત  રૂા. ૬૬.૬૬ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે અને ડભોલી ગામતળનો કુલ વિસ્તાર ૩૧,૭૪૯.૦૦ ચો.મી.છે.અંદાજિત રૂા. ૭૩.૦૫ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે તથા સીંગણપોર ગામતળનો કુલ વિસ્તાર ૪૭,૩૧૮.૦૦ ચો.મી.છે. અંદાજિત રૂા.૮૮.૫૯ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે જેની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

વેસ્ટ ઝોન (રાંદેર)ટી.પી.૯ (પાલનપુર–ભેંસાણ) ,એફ.પી.નં.૧૫૯ અને એફ.પી.નં.૧૨૬ ખાતે આવેલ લેક ગાર્ડન તથા ટી.પી.૧૫ (પાલ),એફ.પી.નં.૪૩ ખાતે આવેલ લેક ગાર્ડનના નિર્માણથી આસપાસના વિસ્તારના સ્થાનીક પ્રજાજનોના બાળકોના આનંદ પ્રમોદ માટે,સીનીયર સીટીઝનોના વિરામ માટે તથા હયાત સરોવરથી સંરક્ષણ અને વિકાસ તેમજ પર્યાવરણની જાળવણી થઈ શકશે.જે બન્ને પ્રોજેકટો નિર્માણ ખર્ચ અંદાજિત ૫.૦૨ કરોડ છે.જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.મંત્રી,રાજયકક્ષા, જળસંપતિ (સ્વતંત્ર હવાલો),પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,ગુજરાત રાજય શ્રી નાનુભાઈ વાનાણી,માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતા,શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, પ્રેસ/મિડીયા /ફોટોગ્રાફરો,માન.ડે.મ્યુ.કમિશનર શ્રી એમ. નાગરાજન I.A.S, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.










સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા
વાંચનાલય












સુરત

:: પ્રેસનોટ ::

## "પૂજય મહાત્મા ગાંધીજીની ૧૪૮મી જન્મજયંતિ ઉજવણી"

વિષય : પૂ.મહાત્મા ગાંધીજીની ૧૪૮મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૭ના રોજ યોજાનાર ગાંધી પ્રતિમાને સુતરાંજલિ તથા ગાંધીવંદના બાદ સર્વધર્મ પ્રાર્થના તેમજ ભજનનો કાર્યક્રમ

પૂજય મહાત્મા ગાંધીજીની ૧૪૮મી જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીપ્રતિમાને સુતરાંજલિ તથા ગાંધીવંદના બાદ સર્વધર્મ પ્રાર્થના તેમજ ભજનનો કાર્યક્રમ ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, વિવિધ ધર્મના ધર્મગુરૂશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા શહેરીજનોએ પૂજય ગાંધી બાપૂની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. ત્યારબાદ ગાંધીબાગ પાસે સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમમાં શ્રી નિલકંઠભાઈ શુકલએ હિન્દુ ધર્મની, મુસ્લિમ મૌલવીશ્રી મૌલાના અબ્દુલ આઝમ દુધવાલાએ મુસ્લિમ ધર્મની, અને પારસી ધર્મગુરૂશ્રી સાયરસ મા.દસ્તુરજી નોસીરવાન મંચેરશા દસ્તુરએ પારસી ધર્મની પ્રાર્થના રજૂ કરીને પૂજય મહાત્મા ગાંધીજીની "સર્વ ધર્મ સમભાવ"ની ભાવનાને ચરિતાર્થ કરી હતી. ઉપસ્થિત તમામ ધર્મના ધર્મગુરૂશ્રીઓએ ભારત દેશમાં અમન અને શાંતિની સાથે રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અભ્યર્થના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીત વર્તુળે પૂજય ગાંધીજીના પ્રિય એવાં "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" અને "રઘુપતિ રાઘવ રાજા રામ" ભજનો ગાયાં હતાં. જીવન ભારતી કિશોરભવન સ્કુલના વિદ્યાર્થીઓએ રેંટિયા કાંતણ દ્વારા પૂ.ગાંધીજીના પ્રિય રેંટિયાને તથા ખાદી પહેરવાની તેમની સ્વદેશી ભાવનાને જીવંત રાખતો સંદેશ પ્રસ્તુત કર્યો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો, શિક્ષકશ્રીઓ તથા ગાંધી પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

સમાચાર યાદી નં. ૫૭૯ ,તા.૦૨/૧૦/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.






સુરત મહાનગરપાલિકા
ગાંધી વંદના અને સર્વધર્મ પ્રાર્થના